ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રીઓપન થવા બાબત.

સંદર્ભ:- મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, જીલ્લા સેવા સદન-૩નો પત્ર ક્રમાંક નં. મક/આવિ/રાજ/૨૦૨૫-૨૬/૨૬૧૫ થી ૨૫૧૬ તા. ૨૩/૦૯/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જનજાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ /સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય, તેવા તમામ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે તા. ૨૦/૦૯/૨૦૨૫ થી ૨૦/૧૦/૨૦૨૫ સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ હોઈ તો આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મેળવવા વિદ્યાર્થીનાં રેશનકાર્ડ ઈ-કેવાયસી તથા આધાર ઈ-કેવાયસી, ઓ.ટી.આર.નંબર ફરજીયાત હોવાથી વિદ્યાર્થીએ સદરહુ પ્રક્રિયા પૂર્ણ કરી શિષ્યવૃતિનાં ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/શિષ્યવૃત્તિ/૬૬૨/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૪/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫-૨૬૮૧૪૦૦/ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

નં. મક/આવિ/રાજ/૨૦૨૫-૨૬/૨૬૧૫ થી ૨૬૧૬
મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી,
બ્લોક નં.૧, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૩,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ.
તા.૨૩/૦૯/૨૦૨૫

**પરિપત્ર**

આથી વડી કચેરીના પત્ર નં. આવિ/શિક્ષણ/પો.મેટ્રીક/ફા.નં.૧૪૦૫/૧૬૪૪ થી ૧૬૭૮ તા. ૧૭/૦૯/૨૦૨૫ થી રાજકોટ, મોરબી, જુનાગઢ, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ શાળા/કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, **પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માટે** આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા **અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ** કે જેઓને કોઈ કારણસર ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિ માટે ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ છે અથવા શિષ્યવૃતિ માટેના ફોર્મ ભરેલ હોઈ પરંતુ શાળા/કોલેજ/સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય, તેવા તમામ વિદ્યાર્થીઓ માટે **શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે તા. ૨૦/૦૯/૨૦૨૫ થી તા. ૨૦/૧૦/૨૦૨૫** સમયગાળા દરમ્યાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન થનાર હોઈ આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા અને ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને સમય મર્યાદામાં ફોર્મ ભરવા સુચના આપવાની રહેશે. ઉપરાંત પોર્ટલ રી-ઓપન થયાની બહોળી પ્રસિધ્ધિ માટે આપની શાળા/કોલેજ/સંસ્થાના નોટીસ બોર્ડ પર વિગતો મુકવી.

વધુમાં જણાવવાનું કે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મેળવવા વિદ્યાર્થીના રેશનકાર્ડ ઈ-કેવાયસી તથા આધાર ઈ-કેવાયસી, ઓ.ટી.આર. નંબર ફરજીયાત હોવાથી વિદ્યાર્થીએ સદરહુ પ્રકિયા પૂર્ણ કરી શિષ્યવૃતિના ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

મદદનીશ કમિશ્નર(તકેદારી)
રાજકોટ

પ્રતિ,

૧) આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજીસ્ટ્રારશ્રી............................ ....ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.

૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ........................ તરફ જાણ તથા તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.